# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19-06-2024** **MIDDAY : 1.20 to 1.30**
**Day : Wednesday** **National News**

**આકાશવાણી સમાચાર ચૈતાલી જોશી વાંચે છે.**

************************************************

- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બિહારના રાજગીરમાં નાલંદા વિદ્યાપીઠના નવનિર્મિત અને આધુનિક સુવિધાઓથી સજ્જ પરિસરનું કર્યું ઉદઘાટન.
- ✓ હરિયાણામાં કોંગ્રેસના ટોચના નેતા કિરણ ચૌધરી અને તેમના પુત્રી ભાજપમાં સામેલ થયા.
- ✓ દિલ્હીના અનેક વિસ્તારોમાં પાણીની તીવ્ર તંગીને કારણે નાગરિકો પરેશાન.. રાજકિય આરોપ પ્રત્યારોપનો દોર યથાવત.
- ✓ પશ્ચિમી વિક્ષેપને કારણે ઉત્તર ભારતમાં ભીષણ ગરમીમાં રાહતની શક્યતા... આસામમાં ભૂસ્ખલનને કારણે પાંચના મોત
- ✓ મહારાષ્ટ્રના સોલાપુરમાં વાહને ટક્કર મારતાં પાંચ મહિલાઓના મોત નિપજ્યાં.

********************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM Nalanda visit.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે બિહારમાં નાલંદા યુનિવર્સિટીનાં નવા પરિસરનું ઉદઘાટન કર્યું હતું. શ્રી મોદીએ નવા પરિસરમાં તક્તીનું અનાવરણ પણ કર્યું હતું અને વૃક્ષારોપણ કર્યું હતું. આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે, ટૂંક સમયમાં નાલંદા યુનિવર્સિટી દેશનાં સાંસ્કૃતિક આદાનપ્રદાન કાર્યક્રમો માટે મહત્વનું કેન્દ્ર બની જશે. તેમણે જણાવ્યું કે, નાલંદા યુનિવર્સિટી ઓળખ, સન્માન છે. નાલંદા મૂલ્ય, મંત્ર અને ગાથા છે.

નાલંદા યુનિવર્સિટી આસિયાન અને ભારતની યુનિવર્સિટી વચ્ચે નેટવર્ક બનાવવાની દિશામાં કામ કરી રહી છે. અનેક વૈશ્વિક યુનિવર્સિટીઓ જોડાઈ છે અને 21મી સદી એશિયાની સદી તરીકે ગણાવવામાં આવી રહી છે.

એક સમયે નાલંદા ભારતીય શિક્ષણની ઓળખ હતું. શિક્ષણ આપણા વિચારો અને વર્તણુંકને આકાર આપે છે એમ શ્રી મોદીએ જણાવ્યું હતું.નવું પરિસર પ્રાચીન નાલંદા યુનિવર્સિટીનાં અવશેષોની નજીક આવેલું છે.

આ પ્રસંગે બિહારના રાજ્યપાલ રાજેન્દ્ર આર્લેકર, મુખ્યમંત્રી નિતિશ કુમાર અને વિદેશ મંત્રી એસ જયશંકર ઉપરાંત 17 દેશોનાં રાજદૂતો પણ ઉપસ્થિત રહ્યા હતા.

# PM YOGA

21મી જૂનના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની 10મી આવૃત્તિના ભાગરૂપે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે શશાંકાસન દર્શાવતી એક વીડિયો ક્લિપ સોશિયલ મીડિયા પર જાહેર કરી છે. ક્લિપમાં આશનના સ્વાસ્થ્ય લાભોનું વર્ણન કરવામાં આવ્યું છે અને તેને કેવી રીતે કરવું તે અંગે વિગતવાર સૂચનાઓ આપવામાં આવી છે. તે દર્શાવે છે કે શશાંકાસન કબજિયાત, પીઠનો દુખાવો, તણાવ અને ગુસ્સો ઘટાડવામાં મદદ કરે છે. હાઈ બ્લડ પ્રેશર અને સંધિવાથી પીડિત દર્દીઓને આ

આસન કરતી વખતે સાવચેતી રાખવા અથવા તેને સંપૂર્ણપણે ટાળવાની સલાહ આપવામાં આવી હતી.

# pm kishan decision m murugal

કૃષિ કેન્દ્રીય માહિતી અને પ્રસારણ રાજ્ય મંત્રી ડૉ.એલ. મુરુગને જણાવ્યું હતુંકે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શપથ લીધા બાદ ત્વરિત ખેડૂતોનાં ખાતાંમાં નાણાં જમાવી કરાવી સાબિત કરી લીધું છે કે, સરકાર ખેડૂતો, મહિલાઓ, યુવાનો અને ગરીબોના હિત માટે કામ કરી રહી છે. ગઈકાલે તિરુવન્નામલાઈ ખાતે મીડિયા સાથે વાત કરતા મંત્રીએ કહ્યું હતું કે મોદી સરકારના ત્રીજા કાર્યકાળ દરમિયાન પ્રથમ કાર્યનાં રૂપમાં જ કરોડો ખેડૂતોને વડાપ્રધાન કિસાન સન્માન નિધિનો 17મો હપ્તો ચૂકવાયો છે,જે ખૂબ જ ખુશીની વાત છે. તેમણે ખાતરી આપતા જણાવ્યું હતુંકે, આ રકમ ખેડૂતોને તેમનાં ખેત વપરાશના નાના મોટા ખર્ચાઓને પહોંચી વડવામાં મદદરૂપ થશે.

# KIRAN CHOUDHRY JOIN BJP

હરિયાણા વિધાનસભાની ચૂંટણી પહેલા, કોંગ્રેસના ભૂતપૂર્વ નેતા કિરણ ચૌધરી અને તેમની પુત્રી શ્રુતિ ચૌધરી આજે નવી દિલ્હીમાં ભાજપમાં જોડાયા છે. તેઓને હરિયાણાના મુખ્યમંત્રી નાયબ સિંહ સૈની, સાંસદ મનોહર લાલ ખટ્ટર અને અન્ય પાર્ટી નેતાઓની હાજરીમાં પાર્ટીમાં સમાવેશ કરવામાં આવ્યા હતા. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રીમતી કિરણે હરિયાણા અને પ્રદેશના લોકોના કલ્યાણ માટે કામ કરવાની તેમની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરી હતી.

# DELHI WATER CRISIS

દિલ્હીમાં પાણીની કટોકટી અવિરતપણે ચાલી રહી છે, સમગ્ર શહેરમાં પાણીના ટેન્કર વિતરણ સ્થળો પર લોકોની લાંબી કતારો જોવા મળી રહી છે. રાષ્ટ્રીય રાજધાનીના રહેવાસીઓ પાણી એકત્રિત કરવા માટે પ્લાસ્ટિકના ડબ્બાઓ અને ડોલ

સાથે ટેન્કરોની આસપાસ એકઠા થતા જોવા મળે છે. સંગમ વિહાર, મહેરૌલી, વસંત વિહાર, ઓખલા, વસંત કુંજ, ચાણક્યપુરી, નરેલા સહિત અનેક વિસ્તારોના લોકો હજુ પણ પાણીની તંગીનો સામનો કરી રહ્યા છે. આ સ્થિતિએ સમગ્ર શહેરમાં વ્યાપક વિરોધ, તોડફોડ અને રાજકીય આરોપ પ્રત્યારોપ નો દોર ચાલી રહ્યો છે.

એનડીએમસી વિસ્તાર પણ અસરગ્રગસ્ત બન્યો છે. પત્રકારો સાથે વાત કરતા, NDMCના ઉપાધ્યક્ષ સતીશ ઉપાધ્યાયે દિલ્હી સરકાર પર ટેન્કર માફિયા, ટેન્ડર માફિયાઓને રક્ષણ આપવા અને ભ્રષ્ટાચારમાં સામેલ થવાનો આરોપ લગાવ્યો હતો. વધુમાં તેમણે લોકોને પાણીનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવા અનુરોધ કર્યો હતો.

દરમિયાન, ગઈકાલે મીડિયાને સંબોધતા આમ આદમી પાર્ટીના નેતા ગોપાલ રાયે કહ્યું હતું કે વજીરાબાદમાં નદી સુકાઈ જવાની આરે છે. તેમણે કહ્યું કે સુપ્રીમ કોર્ટના આદેશ પછી પણ હરિયાણાની ભાજપ સરકાર દિલ્હીના હિસ્સાનું પાણી છોડતી નથી.

# Revise.... IMD-WEATHER

**પશ્ચિમી વિક્ષેપના આગમનથી ઉત્તર ભારતમાં આકરી ગરમીમાંથી રાહત મળવાની શક્યતા છે. હવામાન વિભાગનું અનુમાન છે કે ઉત્તર ભારતમાં તીવ્ર ગરમ પવનો અને કાળઝાળ ગરમીની અસર આજથી ધીરે ધીરે ઓછી થશે.** હવામાન વિભાગે આજે પેટા-હિમાલયના પશ્ચિમ બંગાળ, આસામ, મેઘાલય અને અરુણાચલ પ્રદેશમાં ભારેથી અતિ ભારે વરસાદ ચાલુ રહેવાની આગાહી કરી છે

**હવામાન વિભાગે પૂર્વ કામેંગ, પાપુમ પારે અને લોઅર દિબાંગ વેલી જિલ્લામાં રેડ એલર્ટ જાહેર કર્યું છે. તેણે 9 જિલ્લાઓ માટે ઓરેન્જ એલર્ટ અને બાકીના માટે યલો એલર્ટ પણ જારી કર્યું છે. NH-415 નો એક હિસ્સો કારસિંગા વિસ્તારમાં અચાનક પૂરથી ધોવાઈ ગયો છે.**

# MID BREAK

આ રાષ્ટ્રીય સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૅ કરી શકો છો...

# VENETO OPEN TENNIS

ભારતની અંકિતા રૈના આજે સાંજે ઇટાલીના ગૈબામાં વેનેટો ઓપન ટેનિસ ટુર્નામેન્ટમાં મહિલા સિંગલ્સના પ્રી-ક્વાર્ટરમાં રોમાનિયાની ઇરિના બારા સામે રમશે અગાઉ તેણે ચેક રિપબ્લિકની ડોમિનિકા સાલ્કોવાને સીધા સેટમાં 7-5, 6-3થી હરાવી હતી.

# TN-SAGAR KAVACH

તામિલનાડુમાં તટરક્ષક દળ આજથી બે દિવસ માટે તમામ દરિયા સલામતી એજન્સીઓને સાંકળતી કવાયત સાગર કવચ શરૂ કરી રહ્યું છે. ભારતીય નૌકા દળ, દરિયાઇ પોલિસ, મત્સ્ય વિભાગ, આબકારી સહિતની સલામતી એજન્સીઓ સંકલન સાધીને આવતી કાલ સુધી કવાયત હાથ ધરશે.

આ કવાયતમાં માછીમાર સમુદાયો પણ ભાગ લેશે. દેશમાં દરિયાઇ સલામતીનાં મહત્વ પર ભાર મૂકવા માટે અને દરિયાઇ વિસ્તારોમાં ઘુસણખોરોની હિલચાલ અંગે મહત્વની માહિતી આપવા માટેની આ નિયમિત કવાયત છે.

# MAHA-WOMEN KILLED

મહારાષ્ટ્રના સોલાપુર જિલ્લાના સાંગોલા તાલુકાના ચિકમહુડ નજીક પંઢરપુર-કરાડ રોડ પર ગઈ કાલે સાંજે વાહનની રાહ જોઈ રહેલી મહિલાઓને આઈશરે ટક્કર મારતા પાંચ મહિલાઓના ઘટનાસ્થળે જ મોત થયા છે.અને અન્ય બે મહિલાઓ ગંભીર રીતે ઘાયલ છે સાતેય મહિલાઓ ખેત મજૂર તરીકે કામ કરતી

હતી. અકસ્માતની માહિતી મળતાં જ પોલીસ અને એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે પહોંચી હતી અને વધુ તપાસ શરૂ કરી હતી.

# VP-IIS-OFFICERS

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખરે કહ્યું છે કે માહિતી એક પ્રકારની શક્તિ છે પરંતુ ખોટા સમાચારથી ઘણું નુકસાન થઈ શકે છે. શ્રી ધનખરે ગઈકાલે નવી દિલ્હીમાં વર્ષ 2022 અને 2023 બેચના ભારતીય માહિતી સેવાના તાલીમાર્થી અધિકારીઓને સંબોધિત કરતાં તેમણે આ મુજબ જણાવ્યુ હતું . તેમણે કહ્યું કે ભારતીય માહિતી સેવાના અધિકારીઓ સરકારમાં લોકોનો વિશ્વાસ જાળવી રાખવાનું એક મહત્વપૂર્ણ માધ્યમ છે. તેઓ ચૂંટાયેલી સરકાર અને સામાન્ય નાગરિકો વચ્ચે સેતુની જેમ કામ કરે છે. તેમણે તાલીમાર્થી અધિકારીઓને તેમના કામમાં સંપૂર્ણ વિશ્વસનિયતા જાળવવા અને લોકોને સાચી માહિતી આપવાનું કામ કરવા જણાવ્યું હતું. શ્રી ધનખરે કહ્યું કે આનાથી સરકારને યોગ્ય નીતિઓ બનાવવામાં મદદ મળશે.

# DARE DEVILS-J&K

ભારતીય સૈન્યની મોટરસાઇકલ ડિસ્પ્લે ટીમે ઉત્તર કાશ્મીરમાં ઉરીના કાલાપહાર મેદાન ખાતે દિલધડક કરતબો દ્વારા અનોખુ આકર્ષણ જમાવ્યું હતું... કારગીલ યુદ્ધના હીરોને સમર્પિત એવા કારગીલ વિજય દિવસ રજત જયંતિ સમારોહના ભાગરૂપે આ કરતબો રજૂ કરાયા હતા. સાથોસાથ ઉજવણી ચિનાર કોર્પ્સના ડેગર ડિવિઝનના કાલાપહાર બ્રિગેડના 52મા સ્થાપના દિવસ સાથે પણ જોડાયેલી હતી. આ કાર્યક્રમમાં વરિષ્ઠ લશ્કરી કમાન્ડરો અને નાગરિક વહીવટીતંત્રના મહાનુભાવોએ હાજરી આપી હતી.

'ડેર ડેવિલ્સ' ટીમે શ્વાસ થંભાવી દે તેવા કરતબો, જબરદસ્ત હિંમત, ટીમ વર્ક, શિસ્ત અને સાહસિક ભાવના દર્શાવી હતી. ડેર ડેવિલ્સ તેમની બાઇક રાઇડિંગ કૌશલ્યો માટે પ્રખ્યાત છે.

વિદ્યાર્થીઓ સહિત ઉરીના નાગરિકોએ બે હજાર પાંચસો કરતા વધુ લોકોએ આ કરતબો નિહાળીને તેની પ્રસંશા કરી હતી.

# 18 th film festival

મુંબઈમાં 18મો MIFF એટલે કે, મુંબઈ ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ચાલી રહ્યો છે. આ વર્ષે તેમાં 59 દેશોની 61 ભાષાઓમાં કુલ 314 ફિલ્મોનો સમાવેશ કરાયો છે. 15 જૂનથી શરૂ થયેલો આ ફિલ્મ ફેસ્ટિવલ શુક્રવારે સમાપ્ત થશે. 18માં મુંબઈ ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં આજે, મેમરી ફૂટ પ્રિન્ટ્સ, વિલ વિથ વિંગ્સ, ધ રિબેલિયન ઑફ ધ ફ્લાવર્સ, અગેન્સ્ટ ધ ટાઈડ, ચિલ્ડ્રન ઑફ ધ કોસ્ટ, રિઝન બિહાઇન્ડ ધ મર્ડર અને ધ ઓલ્ડ યંગ ક્રો સહિતની વિવિધ વખણાયેલી ફિલ્મો દર્શાવવામાં આવશે.